# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઈ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૪/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# 'લઘુ ઉદ્યોગકારોમાં સ્પર્ધાત્મકતા વધારવા' વિશે ચેમ્બરમાં મહત્વની કોન્ફરન્સ યોજાઇ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ફિકકી, ઇન્ડસ્ટ્રીઝ કમિશનરેટ – ગુજરાત સરકાર અને ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યુરો (ઇન્ડેક્ષ્ટબી)ના સંયુકત ઉપક્રમે શુક્રવારે, તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ બપોરે ૩:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'લઘુ ઉદ્યોગકારોમાં સ્પર્ધાત્મકતા વધારવા' વિશે કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ કોન્ફરન્સમાં કીનોટ સ્પીકર તરીકે ફિકકી ગુજરાત સ્ટેટ કાઉન્સીલના શ્રી ગિરીશ લુથરા તથા અન્ય વકતાઓ તરીકે સ્ટેટ જીએસટીના ડેપ્યુટી કમિશનર શ્રી એમ.ડી. પટેલ, ઇન્ડેક્ષ્ટબીના જનરલ મેનેજર શ્રી કલ્પેશ શેઠ, સેન્ટ્રલ જીએસટી એન્ડ એકસાઇઝ ઓફિસ સુરતના જોઇન્ટ કમિશનર શ્રી ચુનારામ, ધોલેરા પ્લાન્ટના જનરલ મેનેજર શ્રી દિલીપ બ્રહ્મભટ્ટ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સુશ્રી રીના મોટવાની, નેશનલ સ્ટોક એક્ષ્ચેન્જના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી આશિષ ગોયલ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના સુરત મોડયુલના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મહાકુલ, ડિફેન્સ ટેકનોલોજી એસેમ્બ્લેજના મીશન એડવાઇઝર શ્રી રવિન વ્યાસ, કેપીએમજીના શ્રી સુધીર શર્મા દ્વારા એમએસએમઇ સેકટરના ડેવલપમેન્ટ માટે સરકારની વિવિધ નીતિઓ અને પહેલ તથા વેરા સમાધાન યોજના ૨૦૧૯ વિશે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ કોન્ફરન્સમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, દેશના અર્થતંત્રના વિકાસ માટે એમએસએમઇ મહત્વની ભૂમિકા ભજવે છે. આથી લઘુ ઉદ્યોગકારોને સરકારની વિવિધ નીતિઓ અને બેંકો તરફથી મળતી ભંડોળ સહાયની માહિતી મળી શકે તે માટે કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

ફિકકી ગુજરાત સ્ટેટ કાઉન્સીલના શ્રી ગિરીશ લુથરાએ પોતાના વકતવ્યમાં બિઝનેસ મોડયુલ કઈ રીતે ઉભા કરી શકાય તે અંગે ઉદ્યોગકારોને સમજણ આપી હતી. તેમણે કહયુ હતુ કે, લઘુ ઉદ્યોગકારોના ડેવલપમેન્ટ માટે વિવિધ

યોજનાઓ થકી સરકાર સબસિડી પુરી પાડી રહી છે. આ સબસિડીનો લાભ લઇને ઉદ્યોગકારો સફળ થઇ શકે છે. ઉદ્યોગકારોએ એકત્રિત થવુ પડશે તથા કવોલિટી અને એન્વાયરમેન્ટ સર્કલ ઉભું કરી કલસ્ટર બનાવી બિઝનેસ કરવો પડશે. એના માટે ઉદ્યોગકારોએ પોતાની જાત ઉપર ભરોસો મુકીને આગળ વધવુ પડશે.

સ્ટેટ જીએસટીના ડેપ્યુટી કમિશનર શ્રી એમ.ડી. પટેલે જણાવ્યુ હતુ કે, સરકાર દ્વારા બે દિવસ પહેલા જ વેરા સમાધાન યોજના ૨૦૧૯ જાહેર કરી છે. આ યોજના રૂપિયા ૧૦૦ કરોડથી ઓછા ટર્નઓવરવાળા ઉદ્યોગકારો અને વેપારીઓને લાગુ પડે છે. વેરો, વ્યાજ અને દંડ સહિત અન્વેષણની કાર્યવાહી થઇ હોય એવા વેપારીઓ અને ઉદ્યોગપતિઓને પણ યોજનાનો લાભ થશે. આ યોજનાનો લાભ લેવા માટે તા. ૧૫/૯/૨૦૧૯થી ૧૫/૧૧/૨૦૧૯ સુધી ઓનલાઇન અરજી કરવાની રહેશે અને ઘટક કચેરીમાં અરજી આપવાની રહેશે.

ઇન્ડેક્ષ્ટબીના જનરલ મેનેજર શ્રી કલ્પેશ શેઠે જણાવ્યુ હતુ કે, ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યુરો સંપર્ક સેતુ તરીકે કામ કરે છે. સરકારની વિવિધ નીતિઓની જાણકારી ઉદ્યોગકારોને મળી રહે તે માટે તેઓને મંચ અને મથક પુરુ પાડવાનો તેઓ પ્રયાસ કરે છે.

ધોલેરા પ્લાન્ટના જનરલ મેનેજર શ્રી દિલીપ બ્રહ્મભટ્ટે ધોલેરા પ્લાન્ટ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, ધોલેરા પ્લાન્ટનું ૭૦ ટકા કામ થઇ ગયુ છે. છ મહિનામાં પ્લાન્ટ શરૂ કરવાની તૈયારી છે. અહીં ટેક્ષ્ટાઇલ, ફાર્માસ્યુટીકલ, ડિફેન્સ – એરો સ્પેસ, સ્ટીલ મેન્યુફેકચરીંગને પ્રાધાન્ય આપવામાં આવશે. જેથી કરીને એમએસએમઇનું કલસ્ટર ઉભું કરી શકાય. આથી લઘુ ઉદ્યોગકારોને અહીં બિઝનેસની વિશાળ તક છે. સ્માર્ટ સિટીના બધા જ ફીચર ધોલેરામાં લીધા છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર – સુરતના સુશ્રી રીના મોટવાનીએ સરકારની વિવિધ સ્કીમોનું પ્રેઝન્ટેશન રજૂ કરી તે અંગેની વિગતવાર માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે, સેન્ટ્રલ લેવલ અને સ્ટેટ લેવલની યોજનાઓ લઘુ ઉદ્યોગકારો માટે સરકારે બહાર પાડી છે. સેન્ટ્રલ લેવલની યોજનામાં ઉદ્યોગકારોને લોન અને સબસિડી મળે છે. જયારે સ્ટેટ લેવલની યોજનામાં એક્ષ્ટર્નલ સબસિડીનો ઉદ્યોગકારો લાભ લઇ શકે છે.

નેશનલ સ્ટોક એક્ષ્ચેન્જના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી આશિષ ગોયલે જણાવ્યુ હતુ કે, બિઝનેસ માટે વેલ્યુએશન ખૂબ જ જરૂરી છે. તેમણે રેઝીંગ ફંડ, હાઇ વિઝીબિલીટી, ક્રેડીબિલીટી, એપ્રોપ્રિએટ વેલ્યુએશન અને લિકવીડિટી વિશે ઉદ્યોગકારોને માહિતી આપી હતી.

સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના સુરત મોડયુલના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મહાકુલે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા દ્વારા ઉદ્યોગકારોને વ્યવસાય માટે ધિરાણના વિકલ્પો અને બેંક તરફથી મળતી ભંડોળ સહાયની માહિતી આપી હતી.

ડિફેન્સ ટેકનોલોજી એસેમ્બ્લેજના મીશન એડવાઇઝર શ્રી રવિન વ્યાસે ઉદ્યોગકારોને ડિફેન્સ અને એરોસ્પેસ સેકટરમાં રહેલી તકો વિશે સમજણ આપી હતી. જયારે કેપીએમજીના શ્રી સુધીર શર્માએ ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ વિશે પ્રેઝન્ટેશન રજૂ કરી વિગતવાર માહિતી આપી હતી.

કોન્ફરન્સમાં ફિકકીના શ્રી પંકજ ટીબક અને ચેમ્બરની આઇપીઆર કમિટીના ચેરમેન શ્રી પરેશ લાઠીયાએ પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાત વકતાઓએ ઉદ્યોગકારોના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. ચેમ્બરની ગર્વમેન્ટ સ્કીમ કમિટીના ચેરપર્સન સુશ્રી આશા દવેએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કોન્ફરન્સનું સમાપન થયુ હતુ.